## ધોનીની સદી

ગુવાહાટીમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે એક દિવસીય હરીફાઈ (વન ડે મૅચ)....
ભારત પ્રથમ બૅટિંગ (બલ્લેબાજી) કરે છે....





**ખાલી જગા પૂરો :**

ધોનીએ ૯૬ + ________ = ______________ રન કર્યા.

સદી પૂર્ણ કરવા માટે નીચેના ખેલાડીને કેટલા રનની જરૂર છે?

| | **રન કર્યા** | **સદી પૂર્ણ કરવા માટે રનની જરૂરિયાત** |
|---|---|---|
| ખેલાડી ૧ | ૯૩ | ________ |
| ખેલાડી ૨ | ૯૭ | ________ |
| ખેલાડી ૩ | ૮૯ | ________ |
| ખેલાડી ૪ | ૯૯ | ________ |


સંખ્યાજ્ઞાનની સમજ સંખ્યાઓને ક્રમમાં બોલાવીને ન આપતાં તેઓને સંખ્યાના બંધારણની સમજ આપવી. અહીંયાં 'સદી'નો ઉપયોગ કરેલો છે. શિક્ષક બાળકોના જીવનનાં ઉદાહરણો લઈને સમજાવી શકે છે. ૩ અંકોની સંખ્યા બોલવા માટે શિક્ષકે તેમને પ્રોત્સાહિત કરવાં. તેઓ તેમને વાંચી કે લખી ન શકે તોપણ તે માટે પ્રેરવાં.




## ખાલી જગા પૂરો :

| ૯૯ - ૧૧૨ | | ૧૯૫ - ૨૦૬ | |
|---|---|---|---|
| સંખ્યા (અંકોમાં) | સંખ્યા (શબ્દોમાં) | સંખ્યા (અંકોમાં) | સંખ્યા (શબ્દોમાં) |
| ૯૯ | નવાણુ | ૧૯૫ | એક સો પંચાણુ |
| ૧૦૦ | સો | ૧૯૬ | એક સો છન્નુ |
| ૧૦૧ | એક સો એક | ૧૯૭ | એક સો સત્તાણુ |
| ૧૦૨ | ________ | ૧૯૮ | એક સો અઠ્ઠાણુ |
| ૧૦૩ | એક સો ત્રણ | ____ | એક સો નવાણુ |
| ૧૦૪ | એક સો ચાર | ૨૦૦ | બસો |
| ____ | એક સો પાંચ | ૨૦૧ | બસો એક |
| ૧૦૬ | એક સો છ | ____ | ________ |
| ૧૦૭ | ________ | ૨૦૩ | બસો ત્રણ |
| ____ | એક સો આઠ | ____ | બસો ચાર |
| ૧૦૯ | એક સો નવ | ૨૦૫ | બસો પાંચ |
| ૧૧૦ | એક સો દસ | ૨૦૬ | ________ |
| ૧૧૧ | એક સો અગિયાર | | |
| ____ | એક સો બાર | | |

ઓહ! ૨૦૬! ત્રીજી સદી પૂરી કરવા માટે કેટલા વધારે (રન) કરવા પડે તેનું અનુમાન કરો.



## ક્રિકેટ વિશ્વકપના શ્રેષ્ઠ દસ વ્યક્તિગત રન





| ખેલાડી | કરેલ રન |
|---|---|
| સચિન | ૧૨૮ |
| ગાવસ્કર | ૧૦૦ |
| ધોની | ૯૯ |
| કોહલી | ૧૬૨ |
| રહાણે | ૧૫૨ |

| ખેલાડી | કરેલ રન |
|---|---|
| ધવન | ૧૭૮ |
| જાડેજા | ૧૦૫ |
| ગાંગુલી | ૧૪૧ |
| દ્રવિડ | ૧૧૨ |
| કપિલદેવ | ૧૨૭ |




- ધોની સહેજમાં જ સદી ચૂકી ગયો. એક સદી પૂરી કરવા માટે તેને __________ રનની જરૂર પડે?
- __________ અને __________ એ લગભગ સરખા રન બનાવ્યા.
- __________ એ સદી પૂર્ણ કરી. વધારે પણ નહિ અને ઓછા પણ નહિ.
- કોઈ એક ખેલાડીએ કરેલા સૌથી વધુ રન __________ છે.
- __________ અને __________ વચ્ચે માત્ર એક જ રનનો તફાવત છે.
- __________ એ દોઢ (એક અને અડધી) સદી કરતાં ૨ રન વધારે કર્યા.





## ૧૦ની ગણતરી

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૧૧૦ | ૩૧૦ | ____ |
| ૨૦ | ____ | ____ | ૭૨૦ |
| ૩૦ | ____ | ____ | ____ |
| ____ | ____ | ____ | ____ |
| ____ | ____ | ____ | ____ |
| ____ | ____ | ____ | ____ |
| ____ | ____ | ____ | ____ |
| ____ | ____ | ____ | ૭૮૦ |
| ____ | ૧૯૦ | ____ | ____ |
| ૧૦૦ | ૨૦૦ | ૪૦૦ | ____ |





## ૫૦ની ગણતરી

| | |
|---|---|
| ૨૦૦ | ૫૫૦ |
| ૨૫૦ | ____ |
| ____ | ૬૫૦ |
| ૩૫૦ | ____ |
| ____ | ૭૫૦ |
| ____ | ____ |
| ૫૦૦ | ૮૫૦ |




આ રીતે તમે કેટલે સુધી જઈ શકો?
તમે કહી શકો તેવી સૌથી મોટી સંખ્યા કઈ છે?

## સંખ્યાને રંગો




| | | | | |
|---|---|---|---|---|
| ૭૪૪ | ૮૧૦ | ૪૫ | ૪૦૧ | ૫૪ |
| ૫૫૫ | ૩૭૪ | ૧૭૧ | ૨૬૧ | ૧૫૯ |
| ૬૫૬ | ૧૪૦ | ૧૭૯ | ૮૯૧ | ૧૬ |
| ૧૯૫ | ૧૫૫ | ૪૧૦ | ૧૫૯ | ૬૮૫ |
| ૪૫૪ | ૧૩૬ | ૬૦ | ૭૪ | ૬૯૯ |
| ૮૦૦ | ૪૪૫ | ૬૪૨ | ૨૦૨ | ૯૪૩ |

**નીચેની સંખ્યાઓને ઉપરની આકૃતિમાંથી શોધો. તેમને રંગો.**


| લીલો | લાલ | પીળો |
|---|---|---|
| એક સો ચાલીસ | ચોપન | ચારસો પિસ્તાળીસ |
| બસો બે | સાઠ | સોળ |
| બસો એકસઠ | એક સો પંચાણું | એક સો ઓગણસાઠ |
| આઠસો | પાંચ સો પંચાવન | છસો પંચાશી |
| ૩૦૦ + ૭૦ + ૪ | ૬૦૦ + ૪૦ + ૨ | ૬૦૦ + ૯૦ + ૯ |
| ૬૦૦ + ૫૦ + ૬ | ૧૦૦ + ૭૦ + ૯ | ૭૦ + ૪ |
| ૫ + ૫૦ + ૧૦૦ | ૮૦૦ + ૧૦ | ૧ + ૯૦ + ૮૦ |


## કૂદકા મારતાં પ્રાણીઓ




ગબરું, બુન્ની અને તરું
આખા રસ્તે કૂદાકૂદ કરે છે. ગબરું દરેક વખતે સાત ખાનાં કૂદે છે. બુન્ની દરેક વખતે પાંચ ખાનાં કૂદે છે અને તરું દરેક વખતે ચાર ખાનાં કૂદે છે.

ગબરું ૯૦ નંબરથી કૂદવાની શરૂઆત કરે છે.
બુન્ની ૯૯ નંબરથી કૂદવાની શરૂઆત કરે છે.
તરું ૧૦૬ નંબરથી કૂદવાની શરૂઆત કરે છે.






બુન્નીનો દસમો કૂદકો ______ નંબર ઉપર આવશે.
તરુંનો દસમો કૂદકો ______ નંબર ઉપર આવશે.
ગબરુંનો દસમો કૂદકો ______ નંબર ઉપર આવશે.
ગબરું અને બુન્ની બંને ૧૦૪, ______ અને ______ઉપર કૂદે છે.

**શોધી કાઢો :**

- બુન્ની અને તરું બંને જેના ઉપરથી કૂદકા મારશે તે નંબર ______, ______, ______ અને ______ છે.
- જે નંબર ઉપરથી ત્રણે જણ કૂદકો મારશે તે નંબર ______ છે.
- સૌથી ઓછા કૂદકામાં પૂરું કરનાર ______ છે અને તે ______ કૂદકામાં પૂરું કરે છે.

## ચાલો, કૂદીએ!




૨ ડગલાં આગળ કૂદકો મારો :

૧૦૪, ૧૦૬, ૧૦૮, ______, ______, ______, ______.

૨ ડગલાં પાછળ કૂદકો મારો :

૨૬૨, ૨૬૦, ૨૫૮, ______, ______, ______, ______

૧૦ ડગલાં આગળ કૂદકો મારો :

૧૧૦, ૧૨૦, ૧૩૦, ______, ______, ______, ______

૧૦ ડગલાં પાછળ કૂદકો મારો :

૨૦૦, ૧૯૦, ૧૮૦, ______, ______, ______, ______

ભાત (પૅટર્ન) આગળ વધારો :

૫૫૦, ૫૬૦, ૫૭૦, ______, ______, ______, ______

૯૧૦, ૯૨૦, ૯૩૦, ૯૪૦, ______, ______, ______, ______

૨૦૯, ૨૦૭, ૨૦૫, ______, ______, ______, ______

૪૦૧, ૪૦૨, ૪૦૩, ______, ______, ______, ______

